Details of Activities under Student Startup and Innovation Policy (SSIP) at Bhakta Kavi Narshin Mehta University, Junagadh

**બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે સ્ટાર્ટઅપ અને ઇનોવેશન અંગે એક દિવસીય વર્કશોપ**

તારીખ 26 ફેબ્રુવારી 2023 ના રોજ બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢ અને યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ સેલ ધ્વારા બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે સંસ્થાના વિધાર્થીઓ માટે સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન વિષય ઉપર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ સેલના કોઓર્ડીનેટર ડો.મૃણાલ અંબાસણા એ વિધાર્થીઓને સ્ટાર્ટઅપ અને IPR અંતર્ગત મળતી સહાય અંગે સવિસ્તાર માર્ગદર્શિત કર્યા તેમજ આઈડિયા ડેવલપમેન્ટ, માર્કેટ ગેપ, પ્રોડક્ટ વાયેબીલિટી અને લૉ-કોસ્ટ મેન્યુફેક્ચરીંગ જેવી બાબતોની માહિતી આપી હતી.



દિવ્ય ભાસ્કર

જૂનાગઢ ભાસ્કર 27-02-2024

# સરકારની એજન્સીઓ નવા ઈનોવેશન માટે 2.50 લાખથી 25 લાખની સહાય આપે છે

## નવા આઈડિયા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તે અંગેનો બહાઉદ્દીનમાં વર્કશોપ

એજ્યુકેશન રિપોર્ટર | જૂનાગઢ

નવા આઈડિયા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તે અંગેનો બહાઉદ્દીન આર્ટસ કોલેજમાં વર્કશોપ યોજાયો હતો.આમાં વિદ્યાર્થીઓને આઈડિયાનો કઈ રીતે ઉદ્યોગ મોડેલ તરીકે વિકસાવી શકાય તેની અને સાથે તેમાં મળતી નાણાંકીય સહાયની પણ જાણકારી અપાઈ હતી. આ અંગે મળતી વિગત મુજબ બહાઉદ્દીન આર્ટસ કોલેજમાં આચાર્ય પી.વી. બારસીયાના માર્ગદર્શનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી અંતર્ગત નવા આઈડિયા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તે વિષય પરનો વર્કશોપ યોજાયો



હતો. આ વર્કશોપમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના એસએસઆઈપી કો-ઓર્ડિનેટર ડૉ.મૃણાલ અંબાસણાએ એસએસઆઈપી પ્રોગ્રામની માહિતી આપી હતી. તેમણે યુનિક આઈડિયા કેવી રીતે ડેવલોપ કરી શકાય અને આ આઈડિયાથી ઉદ્યોગ મોડેલ કઈ રીતે વિકસાવી શકાય તે અંગે જાણકારી આપી હતી. સાથે એસએસઆઈપી અંતર્ગત કોણ એપ્લાય કરી શકે,કોણ ગ્રાન્ટ આપી શકે તેની પણ જાણકારી આપી હતી. સાથે જણાવ્યું હતું કે, સરકારની જુદી જુદી એજન્સીઓ નવા ઈનોવેશન માટે વિદ્યાર્થીઓને 2.50 લાખથી લઈને 25 લાખ સુધીની નાણાંકીય સહાય પણ આપે છે. સાથે પ્રોટોટાઈપ શું છે, આઈડિયા વેલીડેશન,પેટન્ટ વગેરે અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપનું આયોજન ડૉ. દિનાબેન લોઢીયા, સંચાલન ભાવનાબેન ડુમરે કર્યું હતું. જ્યારે વર્કશોપને સફળ બનાવવા ડૉ. રાજીવ ડાંગર,ડૉ. ભાવસિંહ બારડ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ બહાઉદ્દીન કોલેજમાં સ્ટાર્ટઅપ પર વર્કશોપ યોજાયો



જૂનાગઢમાં બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજ ખાતે સ્ટુન્ડટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી અંતર્ગત હાઉ ટુ ક્રિએટ ન્યુ આઈડીયા વિષય પર વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં ઉપસ્થિત તજજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરી યુનિક આઈડીયા કેવી રીતે ડેવલોપ કરી શકાય અને કેવી રીતે ઉદ્યોગ મોડલ વિકસાવી શકાય તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સ્ટાર્ટઅપ અંતર્ગત સરકારની જુદી-જુદી એજન્સી દ્વારા નવા ઈનોવેશન માટે રૂા.૨.૫૦ લાખથી ૨૫ લાખ સુધીની ગ્રાન્ટ પણ મળે છે તે અંગેની પણ માહિતી આપી હતી.